ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સાંજ બહુ ઉદાસ છે, આવી જા !
યાદ તારી ચોપાસ છે, આવી જા !
સપનાંઓનું કર્યું છે મેં વાવેતર
આંખમાં પાડ્યા ચાસ છે, આવી જા !
ટેરવાં ટળવળે હજી એ સ્પર્શને
હથેળી સાવ હતાશ છે, આવી જા !
વસંત તારા નામની રોપી છે આંગણે
શ્વાસમાં રાખી ભીનાશ છે, આવી જા !
આવ, એકાદ- બે શ્વાસ લઈને આવ
જિંદગી સાવ ખલાસ છે, આવી જા !

- ઉદય ચંદ્રકાંત

## પાથેય

- રમેશ ઠક્કર

### હતાશ હથેળીના સ્પર્શ..!

ગમગીનીને ગમતી બનાવી શકાય એ વાત જ આમ તો કેટલી મૌલિક લાગે છે ! ઘણા લોકો ઉદાસીનતાને ગળે લગાડી લેતા હોય છે.એવા લોકો માને છે કે જીવનમાં જે કોઈ ઉપાધિયોગ મળે છે એને જો સમાધિ યોગમાં ફેરવવામાં આવે તો ઉદાસીને મનગમતી બનાવી શકાય છે.જીવન એક એવો સંગ્રામ છે કે એમાં સુખ અને દુઃખ બંને વારાફરતી આવ્યા કરે છે.સુખ અને દુઃખની ઘટમાળ હોય છે.જો આ જ નિયતિ હોય તો જે રીતે આપણે સુખને લાડ લડાવીએ છીએ એ જ રીતે દુઃખ સાથે પણ આત્મીયતા કેળવી લેવી પડે.કવિઓ અને ફિલોસોફરો આ સહજ રીતે સમજી જતા હોય છે.આ વાસ્તવ ના કેવળ એમના શબ્દોનું કવન બને છે..વાસ્તવિક જીવનમાં પણ એ લોકો આ બાબતને ચરિતાર્થ કરતા રહે છે. ઉદાસીનો ઘેરો રંગ સાંજના સમયે બરાબર? ઘટ્ટ થતો હોય છે.એ જ રીતે જીવનની સમી સાંજે માણસ જ્યારે ચારેતરફથી હતાશ થઈ માત્ર ઈશ્વરના સહારે જીવતો હોય છે,ત્યારે એને જીવવા માટે કોઈ એકાદ મનગમતી વ્યક્તિની યાદ કે કોઈક સરસ પ્રસંગની યાદગીરી આનંદ આપી ?જાય છે.એ સમયે ગમગીની ગમતી બની જાય છે !

પોતાના જીવનમાં કોઈ આવે એ માટે માણસની પાસે અનેક પ્રકારની આવકારની રીતભાતો છે.આવનાર વ્યક્તિ એની ઉદાસીનતાને કેટલી હદ સુધી ટક્કર આપી શકે એના ઉપર એના ભાવનું નિરૂપણ થતું રહે છે.માણસ? સપનાંઓનું વાવેતર કરતો રહે છે.જે રીતે કોઈ ખેડૂત પોતાના ખેતરમાં પારાવાર મહેનત પછી કોઈ ભીના ચાસ પાડે છે એમ જ કોઈકના તીવ્ર આગમનની પ્રતિક્ષા થકી આંખોમાં પણ ચાસ પડતા હોય છે.ચાસ? કોઈ ધરતી ઉપરના હોય કે માણસની મનોભૂમી ઉપરના.. એમાં આશાનાં બીજ રોપાયેલા હોય છે..એ ગમે ત્યારે ઉગીને મબલખ મોલ આપી જાય છે..

ઉદાસી ક્યારેક કોઈક જણસની માફક મનમાં સચવાઈ જાય છે.ઘણીવાર સારા સંજોગોમાં પણ એની યાદ સતાવતી રહે છે ! આવો વિરોધાભાસ એ જ જીવનનો ઉપહાર છે જે રીતે હથેળીમાં કોઈકના સ્પર્શની કેટલીક ક્ષણો સચવાઈ રહી હોય તો એ ખાલી હથેળીમાં ઘણી વખત જાણે જીવંત બની જતી હોય એવી અનુભૂતિ થાય છે. આમ તો આપણે અનેક લોકોને સ્પર્શ કરતા રહીએ છીએ.કોઈની સાથે હાથ મિલાવવા એક સહજ બાબત છે.પરંતુ એ તમામ સ્પર્શ એટલા હૃદયસ્પર્શી નથી હોતા ! કોઈ એકાદ એવો સ્પર્શ હોય છે કે જે સ્પષ્ટ રીતે આપણી હથેળીમાં અંકિત થઈ જાય છે.એ જ્યારે સળવળે છે ત્યારે ઉદાસીનતાનો એક ગમગીન છતાં રંગીન મિજાજ અનુભવાય છે..માણસ કોઈ અણગમતી પળોને યાદ રાખે તો પણ ક્યાં સુધી ? જીવન એટલે સુખદ યાદોની પોટલી.એમાં દુઃખોને પંપાળવાની બાબતો વિચારી જ ના શકાય.માણસને પોતાની કેટલીક ગમગીન પળોનો લગાવ થઈ જતો હોય છે.એને વાગોળવામાં એક પ્રકારનો આનંદ આવતો હોય છે.એ રીતે પોતાના જીવનનાં સુખ અને દુઃખની વચ્ચે જે પાતળી ભેદરેખા છે, એને સારી રીતે સમજી લેતો હોય છે. ભરપૂર જિંદગી જીવ્યા પછી અને આયખાનાં અનેક વર્ષો વિતાવ્યા પછી પણ માણસને એકાદ બે પળ વધારે જીવી લેવાની ઝંખના થતી રહે છે.એ નાની-મોટી પળો એ કેટલીક સુખદ યાદોની પળ પણ હોય છે.એ રીતે માણસ હંમેશાં આતુર હોય છે કે કોઈ મનગમતી વ્યક્તિ?સાથેની થોડીક ક્ષણો કે એકાદ બે દિવસ પણ જો ફરી જીવવા મળી જાય તો ? જિંદગીની સાર્થકતા અનુભવી શકાય.પરંતુ જીવન એક એવો અટપટો ખેલ છે કે એમાં આવું કશું નાટ્યાત્મક બનતું નથી.ઉદાસીને ગળે લગાડવાની વાત એ માણસની કવિતા અભિવ્યક્તિની કોઈ ચીજ બનીને રહી જાય છે..!

# લંચ બ્રેક અને રવિવારની રજાઓનો અદભુત વિચાર માર્ક્સની દેન છે

હમ મેહનતકશ જગ વાલોં સે
જબ અપના હિસ્સા માંગેંગે,
ઈક ખેત નહીં,ઈક દેશ નહીં,
હમ સારી દુનિયા માંગેંગે.

- ફૈજ અહમદ ફૈજ

મહેનતકશ લોકોના બાવડામાં દુનિયા બદલવાની તાકાત છે. આજે પણ માર્ક્સે આપેલી મેન્ટાલિટી સોળે આની સાચી જણાય છે. મહેનતની મોટાઈ અને પસીનાનુ



પોરસ જ્યારે સમજાશે ત્યારે વિશ્વ સમસ્ત સાચા અર્થમાં વસુધૈવ કુટુંબકમની ભાવનામાં વિહરતુ જોવા મળશે. જ્યાં સુધી પુંજીપતિઓની આર્થિક સંપન્નતા અને કામદારોની મુંગા મોંએ કામ કરતા રહેવાની પ્રકૃતિ રહેશે ત્યાં સુધી અમિરો અને ગરીબો વચ્ચેની ખાઈ કદી નહીં પુરાય. 'હેવ્ઝ એંડ હેવ્ઝ નોટ' અર્થાત જેની પાસે છે અને જેની પાસે નથી એમના વચ્ચેનો સંઘર્ષ સતત ચાલતો જ રહેશે. રૂવાંડા ખડા કરી દેતો આ મજબુત વિચાર આપ્યો છે કાર્લ માર્ક્સે. જગતના કોઈપણ છેડે વ્યક્તિના જીવન ઉપર એક યા બીજી રીતે કાર્લ માર્ક્સના વિચારો અને ફિલોસોફીનો પ્રભાવ પડ્યા વગર નથી રહેતો. ઘણીવાર એવું બનતુ હોય છે કે, જગતના વ્યવહારો ઉપર માર્ક્સના વિચારો હોય ખરા પણ એની ખબર પડતી ન હોય. માર્ક્સિસ્ટ તો ત્યાં સુધી કહે છે કે, કાર્લ માર્ક્સની વિચારધારા 'ગોડલી ગીફ્ટ' એટલે કે ઐશ્વરીય સોગાત છે. જો કે માર્ક્સે એમના જીવનમાં ક્યારેય ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર નથી કર્યો. બીજા અર્થમાં એમને નાસ્તિક પણ કહી શકાય. માર્ક્સના મતે ઈશ્વર તો માણસે બનાવ્યો છે.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

માર્ક્સ એક માનવ શરીર જ ન હતું એ એક વિચારધારા છે. વિચારધારા કદી અસ્ત થતી નથી. વ્યક્તિનું માનવ શરીર નષ્ટ થાય છે. પાર્શીયામાં જ્યાં માર્કસ જનમ્યા અને જર્મની, ફ્રાન્સમાં એ રહ્યા ત્યાં જ નહીં બલ્કે સમગ્ર વિશ્વમાં એમના વિચારો ફેલાયા. આજે પણ માર્કસના વિચારો એટલા જ પ્રસ્તુત છે. જેમ જુલિયટ સિઝરને મારી નાખનારાઓને આજીવન ડર રહ્યો હતો કે, સિઝરનું ભુત ગમે ત્યારે આવી જશે અને એમને ખતમ કરી નાખશે એમ પુજીપતિઓને જ્યારે ગરીબોનું શોષણ કરે ત્યારે એમના માનસપટ ઉપર માર્ક્સના વિચારો ખડા થઈ જતા હોય છે. એમને એમ થતુ હોય છે કે, માર્ક્સ એમને ખતમ કરી નાખશે. આવો ખોફ હંમેશા પુંજીપતિઓની આસપાસ ઘુમરાતો રહે છે.

માર્ક્સ એક માત્ર એવો પોલિટિકલ થિંકર હતો કે, એમના નામ ઉપર પોલિટિકલ સાયંસમાં સ્કૂલ ઓફ થોટ છે. એનો સામાન્ય અર્થ એ થાય કે, એમના વિચાર ઉપર ન જાણે કેટકેટલા પોલિટિકલ થિંકર આવ્યા અને એ બધાએ એમના ચિંતન આપ્યા. એમના ચિંતનના આધારે 'સ્કૂલ ઓફ થોટે' આકાર લીધો. પ્લેટોએ પશ્ચિમની વિચારધારાને ચોક્કસ પ્રભાવિત કરી પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે, પ્લેટોનું સબળ અને મજબુત થડ બની શક્યુ નહીં. પ્લેટોએ પોલિટિકલ થિંકર્સને થોડા ઘણા અંશે પ્રભાવિત જરૂર કર્યા. માર્કસ જે ધારતા હતા, વિચારતા હતા અને માનતા હતા એ મુજબ દુનિયામાં પરિવર્તન ન આવ્યું. એટલે એમ કહી શકાય કે, એમના કોર કમિટમેન્ટમાં માર્કસ નિષ્ફળ ગયા. જો કે અગત્યનું એ નથી કે, એ જે કહેતા હતા એવી દુનિયા ન બની પરંતુ હકીકત એ છે કે, જે એમની વિચારધારા હતી એની સાથે સંબંધ ન ધરાવતી હોય એવી જગતાં કોઈ બાબત છે જ નહીં.

બીજા વિશ્વ યુદ્ધ બાદ દુનિયા બે વિચારધારામાં વહેંચાઈ ગઈ. એક તરફ રશિયા અને બીજી તરફ અમેરિકા. રશીયાની કોમ્યુનિસ્ટ અને અમેરિકાની કેપિટાલિસ્ટ એમ બે વિચારધારામાં વહેંચાઈ ગયેલી દુનિયામાં ગરીબો, પીડીતો, શોષિતોનો અવાજ ક્રમશઃ બુલંદ બનવા લાગ્યો. રશિયાની વિચારધારા એટલે કોમ્યુનિઝમની વિચારધારા. કોમ્યુનિઝમ શબ્દ આવે એટલે માર્કસ યાદ આવે જ આવે. બીજી બાજુ અમેરિકનની કેપિટલીસ્ટ વિચારધારા જોરશોરથી આગળ વધતી હતી. વર્ષ ૨૦૦૮માં ગ્લોબલ ક્રાઈસીસે દુનિયાના દરવાજે દસ્તક દીધા. એના પરિણામે અમેરિકાથી માંડીને યુરોપના ઘણા દેશોની ઈકોનોમીને જબરી અવળી અસર થઈ. લોકોની નોકરીઓ જવા લાગી. આ સમયે બધાને ખ્યાલ આવ્યો કે, આ ગ્લોબલ ક્રાઈસીસની બલા કેટલી ખતરનાક છે. લોકોએ ગ્લોબલ ક્રાઈસીસનું મૂળ શોધતા ખબર પડી કે આની શરૂઆત યુએસના કેટલાક લાલચુ બેંકર્સની મેલી મુરાદથી થઈ હતી. આ બેંકર્સે જેમની કોઈ ક્રેડિટ જ ન હતી એવા કેપિટાલિસ્ટને લોકોની બચતના પૈસા છૂટે હાથે આપ્યા હતા. આ કેપિટાલિસ્ટોના સમૂહે દેશને ડૂબાડ્યો હતો. આ સમયે લોકોને માર્ક્સ યાદ આવ્યા.

માર્ક્સ કહેતા કે, ફિલોસોફર્સ દુનિયા બદલવાના ફંડા બતાવે છે પણ દુનિયા કેવી રીતે બદલાશે એ નથી કહેતા. માર્ક્સે પ્રેક્ષિસ થિયરીમાં પરિણામલક્ષી સોલ્યુશન આપ્યા છે. એ વાત સ્વીકારવી રહી કે, જે થિયરીથી કોઈ બદલાવ નથી આવતો એ નિરર્થક છે અને એ પણ સ્વીકારવુ જ રહ્યું કે, થિયરી વગરના કાર્યો પણ બેબુનિયાદ બની જતાં હોય છે. એક સાચી થિયરી અને ચોક્કસ દિશામાં એકશન પરિવર્તનનું મુખ્ય કારણ બનતા હોય છે. એક સ્પષ્ટ થિયરી સાચુ દર્શન કરાવે છે, ઊંડી સમજ આપે છે અને કાર્યો કરવા માટે દિશા આપે છે. એટલે જ માર્કસનું માનવ શરીર ભલે નથી રહ્યું પણ એમના વિચારો અને થિયરી હજુ આજે પણ જીવી રહ્યાં છે.

દાસ કેપિટલ ગ્રંથ માર્ક્સના વિચારોનું સંકલન છે. ફ્રેડ્રિક એન્જલે માર્ક્સના વિચારો અને લેખોને સંકલિત કર્યા. માર્ક્સે ભવિષ્ય ભાખેલું કે, સુપર રીચ લોકોનું એક નાનકડું જુથ આખી દુનિયાના અર્થતંત્ર ઉપર પક્કડ જમાવી દેશે. આર્થિક કટોકટીના કારણે વ્યક્તિ હંમેશા ચિંતાગ્રસ્ત રહેશે અને ઔદ્યોગિકરણના કારણે માનવીય સંબંધો ૩૬૦ ડિગ્રીએ બદલાઈ જશે. માર્ક્સ અને એન્જલ્સે વર્ષ ૧૮૪૮માં લખેલા 'કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં' દસ પ્રભાવક મુદ્દાઓ આપ્યા હતા. એમાનો એક મુદ્દો સરકારી શાળામાં શિક્ષણ અને કારખાનાઓમાં બાળમજૂરી નાબૂદીનો હતો. આ મુદ્દા ઉપર આજે પણ વિશ્વના ઘણા દેશો કામ કરી રહ્યાં છે.

માર્ક્સ દ્રઢપણે માનતા એકધારા કામના કારણે કામ કરવાની ઝડપ અને ગુણવત્તા બન્ને પ્રભાવિત થાય છે. એટલે કામ વચ્ચે બ્રેક જરૂરી છે. એકધારા કામના સમયમાં બ્રેક કાર્યને વધુ નિખાર આપે છે. માર્કસના આ વિચારોના આધારે સપ્તાહમાં રજા અને કામ વચ્ચે લંચ બ્રેકને સ્થાન મળ્યું છે. આજની સાપ્તાહિક રજાઓનું શ્રેય પણ માર્કસને આપવું ઘટે.

મઝાની વાત તો એ છે કે મૂડીવાદ પહેલા માર્કસવાદ શબ્દ પ્રયોજાયો હતો. જગતે મૂડીવાદ અંગે સજાગતા કેળવી એ પહેલા માર્કસવાદ પ્રચલીત થવા લાગ્યો હતો. જાણીતા શોધકર્તા અને લેખીકા લિન્ડા યુએ કહે છે કે, મૂડીવાદ શબ્દ આધુનિક અર્થતંત્રના જનક સ્મિથે ક્યારેય નહોતો આપ્યો. એમણે તો બજારનું એક અદ્રશ્ય પરિબળ કહીને એમની વાત મૂકી હતી. વર્ષ ૧૮૫૪માં વિલિયમ મેકપીસની નવલકથા વેનિટી ફેરમાં મૂડીવાદ શબ્દ પહેલવહેલો પ્રયોજાયો હતો. વર્ષ ૧૮૬૭માં દાસ કેપિટલમાં અર્થતંત્રની બાબતમાં એનો ઉલ્લેખ કાર્લ માર્ક્સે કર્યો હતો. જ્યારે જ્યારે સંપન્ન અને આર્થિક સશક્ત વ્યક્તિઓ શોષણની દિશામાં ડગ માંડે છે ત્યારે માર્કસની વિચારધારાનો શેષનાગ ફૂંફાડા મારીને જાગ્રત થઈ જતો હોય છે. માર્કસના વિચારો માઈલસ્ટોન છે. વાત નાની હોય કે મોટી માર્કસના વિચારો એને જરૂર સ્પર્શતા હોય છે.

**ધબકાર :**

**'કામદારો પાસે ગુમાવવા લાયક એમને જકડી રાખતી કામના કલાકોની સાંકળો સિવાય બીજુ કશુ નથી હોતુ અને જીતવા માટે એમની સામે આખી દુનિયા હોય છે.'**

- કાર્લ માર્ક્સ

# પ્લેન ક્રેશના ૪૦માં દિવસ પછી ચમત્કાર : રામ રાખે તેને કોણ ચાખે...તો વળી સાથે સાથે ચારેય બહાદુર ભૂલકાઓની પ્રત્યુત્પન્ન મતિને નમસ્કાર

છેલ્લાં બે-ત્રણ દિવસથી દરેક વર્તમાનપત્રમાં સમાચારરૂપે આ ખબર બિપરજોય વાવાઝોડાની માફક ફરી ગઈ છે.માનવામાં ન આવે તેવી આ ઘટનાને લોકો પોતપોતાની રીતે મૂલવી રહ્યા છે.

પહેલી મે, ૨૦૨૩ના રોજ અનુક્રમે ૧૩, ૧૧, ૯ વર્ષ અને ૪ મહિનાનું એક બાળક એમ ચાર બાળકો સાથે તેની માતા નાના વિમાનમાં પ્રવાસ કરી રહી હતી. સમાચારપત્રો પ્રમાણે ૮-૧૦ લોકોને લઈને નીકળેલું આ નાનકડું વિમાન રસ્તામાં એન્જિનની કોઈ ખામી સર્જાતા એમેઝોનના ગાઢ જંગલોમાં ક્રેશ થઈને પડ્યું. તેના બે સપ્તાહ બાદ ખૂબ શોધખોળ પછી વિમાનનો કાટમાળ તેમજ આ ચારેય બાળકોની માતા અને બીજા વિમાનચાલક સહિત ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા. પરંતુ આશ્ચર્યજનક વાત એ હતી કે ચારેય ભૂલકાઓ મળ્યા નહીં. આ સમાચારે એક આશા જીવંત રાખી હતી કે આ ચારેય કદાચ જીવિત હોઈ શકે. પરંતુ એમેઝોનના એવા જંગલ કે જ્યાં દિવસનો પ્રકાશ પણ નીચે પહોંચી શકતો નથી જ્યાં ખૂંખાર જનાવરો અને જીવજંતુઓનો એક નાનકડો ડંખ પણ રામશરણ પહોંચાડી દે છે તેવા આ જંગલોમાં તેમનું બચવું લગભગ અશક્ય જણાતું હતું. છતાં કોલમ્બિયન સરકારે બનતા પ્રયત્નો કરીને તેમને શોધવાના પ્રયાસો શરૂ રાખ્યા. અને આખરે ૪૦ દિવસ બાદ ચારેય બાળકો જીવિત મળી આવ્યા. આ એક ચમત્કારથી ઓછું નથી અને બહુ જલદી જ આ ઘટના ઉપર હોલીવુડની ખૂબ સુંદર ફિલ્મ પણ એકાદ વર્ષમાં આપણને જોવા મળશે. આ ફિલ્મી સ્ટોરી જેવી વાસ્તવિક ઘટના આખી દુનિયામાં ચકચાર મચાવી ચૂકી છે. તેમને શોધવા માટે સ્નીફર કૂતરાઓનો ઉપયોગ કરવામાં આવ્યો. તો વળી ચારેય બાળકો તેમના દાદા-દાદીની ખૂબ નિકટ હતા. અને દાદીની વાર્તાઓ અને દાદીના અવાજથી વધારે પરિચિત હતા. અને એટલે જ તેમના દાદીમાના અવાજને રેકોર્ડ કરીને સ્પીકર પર તે અવાજને પણ પ્રસારિત કરવામાં આવ્યો. અને આ બધા જ પ્રયત્નોના લીધે જ ચારેય બાળકોનું પગેરું મળી આવ્યું.

ચારેય બાળકોના મળી આવ્યા પછી બાળકોના દાદાએ કહ્યું કે : ''પ્રકૃતિ માતાએ અમારા બાળકો પાછા આપ્યા.'' આખી દુનિયાએ કહ્યું કે : ''ભગવાન જેને બચાવે તેને કોણ મારી શકે ? ખૂબ સાચી વાત છે. પરંતુ મને આ સમગ્ર ઘટનામાં તે બાળકોની જે સુષુપ્ત શક્તિઓ બહાર આવી, જે પ્રાથમિક આવડતના કારણે તેઓ ટકી શક્યા તેના ઉપર ચર્ચા કરવાનું મન થાય છે. વિચાર કરો ચારે બાળકોમાં સૌથી મોટી બાળકી માત્ર ૧૩ વર્ષની હતી. જેણે ૧૧ મહિનાના બાળકથી માંડીને બીજા બંને બાળકોની માતાની જેમ આટલા દિવસ સંભાળ રાખી. ૧૨-૧૩ વર્ષના આજના બાળકો બહુ બહુ તો પ્લે સ્ટેશન જેવી રમતો રમવામાં માહેર હોય છે. તેવામાં આ બાળકોએ એમેઝોનના જંગલોમાં પોતાના અસ્તિત્વને ટકાવવા માટે તેમણે શું શું નહીં કર્યું હોય...

આપણે નાના હતા ત્યારે એક રમુજી વાત આપણને સૌને વાર્તા સ્વરૂપે સંભળાવવામાં આવતી હતી. એક નાવમાં સાહેબજી ગંગા પાર કરવા માટે બેઠા. તે સાહેબજીને પોતાના જ્ઞાન ઉપર ઘણો અહંકાર હતો. નાવ શરૂ થઈ ત્યારથી જ પંડિતજી તે નાવિકને તેની અજ્ઞાનતા માટે ટોણો મારવાનું ચૂકતા નહોતા. તેમણે કહ્યું કે, સૌ પ્રથમ તો સાહેબજીએ પુછ્યું કે ક્યાં સુધી ભણ્યો છે ? પેલાએ બિચારાએ હાથ જોડીને કહ્યું કે, વિદ્યાલયમાં જવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત નથી થયું. સાંભળીને સાહેબજીએ કહ્યું તારી ૨૫% જિંદગી પાણીમાં ગઈ. વળી પૂછ્યું કે તે ફલાણા ફલાણા શાસ્ત્રો વાંચ્યા છે ? પેલા એ વળી પાછું ગરીબડા મોઢે કહ્યું કે ના. સાહેબજીએ કહ્યું કે તારી બીજી ૨૫% જિંદગી પાણીમાં ગઈ. વળી આગળ સાહેબજીએ કહ્યું કે તને ફલાણી વિદ્યાઓનું જ્ઞાન છે ? ફરી પેલાએ ના પાડી. ફરી અહંકારી સાહેબે કહ્યું કે તારી ત્રીજી ૨૫% જિંદગી પણ પાણીમાં ગઈ. આમ વાતચીત કરતાં કરતાં નાવ નદીની બિલકુલ મધ્યમાં પહોંચી ચૂકી હતી. અને ત્યાં જ જોરદાર વાવાઝોડું અને વંટોળ આવ્યો. નાવ ડૂબવાની અણી પર હતી. નાવની અંદર પાણી ભરાવવા માંડ્યું હતું. સહુ યાત્રિકો બેબાકળા બની ગયા હતા, ત્યારે નાવિકે પ્રશ્ન કર્યો : ''સાહેબજી તરતા આવડે છે? કારણ કે અત્યારે અહીંથી કૂદીને નાવને છોડી દેવી જ હિતાવહ છે.'' ત્યારે સાહેબજીએ કહ્યું કે : ''ના, મને તરતા નથી આવડતું.'' અને નાવિકે આબાદ ઉત્તર આપતા જણાવ્યું : ''તો તો સાહેબજી તમારી આખી જિંદગી હવે પાણીમાં જશે.''

આપણે સૌ આ વાતથી પરિચિત છીએ આપણા બાળકો અને આપણે પોતે પણ જીવનભર જે જ્ઞાન મેળવતા રહ્યા છીએ તે વાસ્તવિક જગતમાં ઉપયોગી થઈ શકે તેવું જ્ઞાન છે ખરું ? આ ઘટના ઘટી તેના ઉપરથી શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકો ચોક્કસપણે આ વિશે ઊંડું ચિંતન કરતા થઈ જશે. બાળકોને જે ડિગ્રીના-કાગળિયાના ફર-ફરિયા અપાવવા માટેનું આજનું શિક્ષણ છે, તેમાં કોઈ જીવનકૌશલ્ય આવે છે ખરા ? આ પ્રકારની અચાનક ઊભી થતી પરિસ્થિતિમાં ટકી રહેવા માટેનું કોઈ શિક્ષણ બાળકોને અપાય છે ખરું? ઘરમાં અચાનક ફ્યુઝ ઉડી જાય તો એ ફ્યુઝ રીપેર કરીને વળી પાછી વીજળી ઘરમાં લાવી શકાય તેવા પ્રકારનું જ્ઞાન અપાય છે ? ઘરમાંથી પસાર થતી ગેસની પાઈપલાઈનમાં જો લીકેજ આવવા માંડે તો તાત્કાલિક ઉપાય કરીને તેને રોકી શકાય તેવું શિક્ષણ આપવામાં આવે છે ખરું? બિપરજોય વાવાઝોડા વખતે કે એવી કોઈ કુદરતી આપદામાંથી જાતને બચાવી શકાય તે માટેની કોઈ કેળવણી આપવામાં આવે છે ખરી ? નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ આવ્યા બાદ ચોક્કસપણે આ દરેક વિષયો આવરી લેવાનો પ્રયત્ન થયો છે. કૌશલ્યને અગ્રતા આપતા અભ્યાસક્રમો રચવામાં આવ્યા છે. અને સ્કીલ ડેવલપમેન્ટ, સ્ટાર્ટઅપ યુનિવર્સિટી શરૂ થઈ રહી છે તે આવકારદાયક છે. પરંતુ નાનપણથી જ બાળકને ગળથૂથીમાં જ જીવન જીવવાના અને ચકાયક આવી પડતી દોહ્યલી પરિસ્થિતિમાં અસ્તિત્વ ટકાવી રાખવાના પાઠ ભણાવી શકાય તેવો કોઈ અભ્યાસક્રમ આપણી પાસે છે ખરો ?



વિચારયાત્રા
ડો. જય ઓઝા

અરે અભ્યાસક્રમની વાત જવા દઈએ.. પરંતુ એક માતા-પિતાની રૂએ આપણે બાળકોને આ પ્રકારની કોઈ સ્કીલ શીખવી શક્યા છીએ ખરા? શું આપણે તેમને વાર્તાઓ દ્વારા કે પછી અમુક પ્રકારના ચોક્કસ અનુભવો અપાવતા અપાવતા જીવનમાં કદાચ આવી પડતી વિષમ પરિસ્થિતિમાં રહેતા શીખવ્યું છે ખરું ? આ બધા પ્રશ્નો દરેક માતા-પિતાના મનમાં ઊઠવા જરૂરી છે. પ્રશ્નો ઉઠશે તો ચોક્કસ એનો ઉત્તર પણ મળી શકશે. પરંતુ જો આ ઘટનાને એક સમાચાર ગણીને એક ચમત્કાર રૂપી ઘટના ગણીને વાંચીને મૂકી દઈશું તો પછી પ્રકૃતિ માતા જે શીખવવા તરફ નિર્દેશ કરી રહી છે તે વળી પાછા આપણે જોવાનું ચૂકી જઈશું.

ગુરુકુળ પદ્ધતિમાં ૨૪ કલાક ગુરુની નિશ્રામાં આશ્રમમાં જ રહેવાનું થતું હતું. તે સમયે ૨૪ કલાક દરમિયાન તેમને શાસ્ત્રોની સાથે સાથે જીવન જીવવાના દરેક કૌશલ્યોનું પણ જ્ઞાન આપવામાં આવતું હતું. ત્યાર પછી અમુક વિદ્યાલયમાં(સી.એન. વિદ્યાલય, અમદાવાદ) હજી હમણાં સુધી તકનીકી શિક્ષણ (સુથારીકામ, દરજીકામ) વગેરે આપવામાં આવતું હતું. પરંતુ હવે એ વિષયોના ગુણની મૂળ માર્કશીટમાં ગણતરી થતી નથી, તો વળી હવે એવા શિક્ષકોની ભરતી પણ કરવામાં આવતી નથી. એટલે હવે આ વ્યવસ્થા પણ પડી ભાંગી છે. જો કે હમણા મળતી માહિતી મુજબ રાજ્યની કેટલીક શાળાઓમાં પ્રાયોગિક ધોરણે વ્યાવસાયિક વિષયોનો અભ્યાસ કરાવવાનો આયાસ થઈ રહ્યો છે.

અને વળી આજે તો માતા પિતાનો શિક્ષણ અપાવવાનો દૃષ્ટિકોણ જ સમૂળગો બદલાઈ ગયો છે. શાળામાં એ.સી. ક્લાસરૂમ છે કે નહીં ? શાળા કેટલા એકરમાં ફેલાયેલી છે ? શાળામાં સ્માર્ટ બોર્ડ છે કે નહીં ? તેના આધારે પોતાના પાલ્યને મૂકવામાં આવે છે. તેની બદલે શાળામાં શિક્ષકો છેલ્લા પાંચ વર્ષથી સતત કાર્યરત છે કે નહીં ? શાળામાં નિયમિત પ્રાર્થના કરાવવામાં આવે છે કે નહીં ? શાળામાં જીવનના મૂળભૂત નૈતિક મૂલ્યો શીખવાય છે કે નહીં ? તેવું જો માતા પિતા જોતા થઈ જાય તો કહેવાતી દરેક ઈન્ટરનેશનલ સ્કૂલે સુધરી જવું પડે.

માત્ર કલ્પના કરી જોઈએ કે પ્લેન ક્રેશ થયા પછી દિવસ અને રાત અડાબીડ જંગલમાં રાત-દિવસ કાઢવા માટે, જીવન જીવવા માટે, ભૂખ તરસ અને જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા માટે તે બાળકોએ કેવી કેવી પ્રયુક્તિઓ યોજી હશે!! ''સમસ્યા એ આવિષ્કારની જનની છે'' એ વાત ચોક્કસ કે જેને કારણે તેમની પ્રત્યુત્પન્નમતિ આપત્તિ આવવાના કારણે બુદ્ધિમાં ચમકારો આવે તેવી મતિ ઉત્પન્ન થવાથી તેઓએ આ લાંબા સમયગાળા દરમિયાન પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. પરંતુ આપણે વિચારવું રહ્યું કે ન કરે નારાયણ અને આ સ્થિતિમાં મારો કે તમારો ૧૨ વર્ષનો પાલ્ય હોય... પ્લેન ક્રેશ થઈ ગયા જેવી ગોઝારી ઘટના ઘટી ચૂકી હોય.... સામે બીજા ત્રણ નાના-નાના ભાઈ બહેન રોતા કકળતા હોય... તેવા સમયે શું કોઈ રક્ષણાત્મક પગલાં આપણો પાલ્ય ભરી શક્યો હોત ? એક રેડિયો સંવાદમાં એવું પણ સાંભળ્યું હતું કે તેમની દાદીમાં સાથેની વાર્તાઓ અને દાદીમાના અવાજથી તેઓ ખૂબ પ્રભાવિત હતા. અને તે વાર્તાઓની અંદર આવતા વર્ણનોએ તેમને આ સમય પસાર કરવામાં ખૂબ ઉપયોગી રહ્યા. અને અગાઉ કહ્યા મુજબ દાદીમાનો અવાજ પણ સંભળાવવાથી તેમની મળવાની સંભાવનાઓ વધુ બળવત્તર બની હતી. આવું કોઈ આત્મીય જોડાણ, આવી કોઈ તન્મયતા, આવી કોઈ જિજ્ઞાસા આપણા બાળકમાં આપણે ઊભી કરી શક્યા છીએ ખરા ? પાણી માગે અને દૂધ આપીએ તેવી સ્થિતિમાં બાળકોને મોટા કરતા હોઈએ ત્યારે રાતભર પાંદડા પર બાઝેલી ઝાકળના પાણી પીને પણ જીવન ટકાવી શકાય તેવી સુઝ તેમને આવી શકે ખરી ?

ચોક્ક્સ આપણે પણ આપણા બાળકોમાં આવી જિજ્ઞાસા, સાહસ, અને અલગ રીતે વિચારીને આગળ વધતા શીખવી જ શકીએ. બાળકને આપણા ખભે બેસાડી દુનિયા દેખાડવાની છે... તેમના ખભા પર આપણા અધૂરા સ્વપ્ના અને અપેક્ષાઓના બોઝથી લાદી દેવાના નથી !!!

- jayuoza@gmail.com,
Mo.9898046488

# માણસ આટલો અસંવદેનશીલ કેવી રીતે થઈ શકે?

'ઘણીવાર થાય કે આવું તો કેમ ચલાવાય અને પછી શાંતિથી વિચારું તો થાય કે દિવસમાં કેટલા લોકો સાઓથે ચર્ચામાં ઉતરવું, દલીલો કરવી, એટલે આખરે થાય કે આ તો આમ જ હોય હાંકે રાખો....'

એક ભાઈએ સહજપણે પોતાની લાગણી અભિવ્યકત કરી. મારો - તમારો - સહુનો એવો અનુભવ હોઈ શકે, જેમાં સામાન્ય માણસના પ્રશ્નોનો કોઈ ઉકેલ જ નથી. મોટાભાગના પ્રશ્નો તો પાછા માણસો એટલે કે આપણી વચ્ચેના લોકો જ સર્જતા હોય છે. માણસ આટલો અસંવદેનશીલ કેવી રીતે થઈ શકે ? આપણા પહેલા જે હતા એ ચિમ્પાન્ઝી કે વાંદરાને પણ સમજાય એવી વાત આજના માણસને કેમ નથી સમજાતી ?

એવો પ્રશ્ન પણ થાય, કયારેક આવો પ્રશ્ન જેને થાય એ પણ કોઈ બીજ પ્રસંગે વળી એવી જ રીતે વર્તતા હોય.

સાંપ્રત સમયના પ્રશ્નોની કે મુશ્કેલીઓની વાત કરીએ તો આજે પણ કેટલાય લોકો - સંસ્થાઓ રૂપિયા બે હજારની નોટ સ્વીકારતા નથી અથવા કેટલીક જગ્યાએ ફોર્મ ભરાવે છે. હવે જયારે કેન્દ્ર સરકારની જ સુચના છે કે આ નોટ સ્વીકારવી તો પણ તેઓ તો આ એમનું જ ધાર્યું કરે છે.

ટ્રાફિકના સીધા સાદા નિયમોનું પાલન લોકોને કરવું નથી. ડાબી બાજુ ખુલ્લી રાખવાની જાહેર સૂચના હોવા છતાં લોકો કેટલીયે જગ્યાએ પૂરી તાકાતથી ડાબી સાઈટ ચાર રસ્તા પર બ્લોક કરી સહેજ વાહનો ઊભા રાખે છે. ચાર રસ્તા પર થર્ડ લેનમાથી ફર્સ્ટ લેનમાં જઈને ટ્રાફિકમાં અવરોધ કરનારાની સંખ્યા કાંઈ ઓછી છે ? જયાં અને જયારે રસ્તો ઓળંગવાનો નથી ત્યાં અને ત્યારે ચાલીને રસ્તો ઓળંગતા લોકો બિન્દાસપણે હસતાં હસતાં પોતાનો અને વાહન ચાલકોનો જીવ મુશ્કેલીમાં મૂકે છે.જયાં જયાં વધારે લોકો ભેગા થાય છે ત્યાં ત્યાં કતાર - ક્યૂ કે લાઈનમાં ઊભા રહેવામાં માણસોને શું વાંધો હશે ? સામે એક કાઉન્ટર હોય તો એક સાથે આ દિશામાં પાંચ-દસ લોકો ઊભા હોય.

બુફે ડિનરમાં બૌદ્ધિકો પણ સામેલ હોય, પાછળ આવી રહેલા લોકોનો ખ્યાલ કર્યા વિના, ધીમે ધીમે વાનગી લેવી, લઉં કે ના લઉં ને વિચારવું અને સૌથી મહત્ત્વનું કે મહામુલું અન્ન, તેનો બગાડ કરવો... આવા દશ્યો સામાન્ય થઈ ગયા છે...



અજવાળું - અજવાળું
તુષાર જોશી

સંગીતના કાર્યક્રમો કે નાટક જોનારા કેટલાક લોકો સતત પોતાના મોબાઈલના સ્ક્રીન પર બીઝી હોય, પાછળ બેઠેલાને એમના સ્ક્રીનનો પ્રકાશ નડ્યા કરે, એમની ફોન પરની વાતો પરાણે સાંભળવી પડે, બોલો શું કરવું ?

મહાનગર હોય કે નાનું શહેર, ગ્રાઉન્ડ ફલોર પર જેમની દુકાનો હોય તેઓ જાણે ફૂટપાથ અને એનાથી આગળનો રસ્તો પોતે ખરીદી લીધો હોય એમ ત્યાં બીજા લોકોને વાહન પાર્ક કરવા ના પાડે.... ત્યાં નો સિક્યોરિટી પણ એમના દ્વારા પેઈડ હોય એમ લોકોનો રોકે, બીજે ગમે ત્યાં પાર્ક કરો અહીં નહીં એમ કહે.....

મોંઘી ટ્રેનમાં કે પ્લેનમાં પણ લોકો એમની સાથેના જોર-જોરથી વાતો કરે.... ભલા માણસ બીજા લોકોનો તો વિચાર કરો.

સમૂહમાં અને સાથે રહેવાનું થાય ત્યારે પોતાના મન કે શરીરને અનુકૂળ ન હોય એવી સ્થિતિ આવે ત્યારે કેટલાયે માણસો લાઉડલી વર્તે છે, જરા તો શાંતિ રાખો, થોડું તો સહન કરો, સાથે રહેવાનું છે તો પરસ્પર પ્રેમ દાખવી થોડું જતું પણ કરો.... સમાજજીવનમાં જે પોતાના વિચારોને સાથ ન આપે એમને 'સાથે નહીં તો સામે જ માની લેવાની વૃત્તિ વધી રહી છે... ઘણીવાર થાય કે બે માણસના વિચારો તો જુદા હોવાનો જ ને !!!!' ઘટનાઓ નાની નાની હોય છે, સવારમાં ચા પીએ તેમાં ખાંડ વધારે હતી અને આદુ નાંખવાનું ભુલાઈ ગયું હતું ત્યાંથી શરૂઆત થઈ શકે.... સામાન્ય માણસ જાહેર જીવનમાં - અંગત જીવનમાં - ઓફિસમાં, ધંધામાં કયાં અને કેટલો રજૂઆત કરે.... એના કરતા એને થાય કે જે પરિસ્થિતિ છે એનો સ્વીકાર કરી લેવો, મનમા ઉદ્વેગો - વિચાર વાયુ, જાતનું પીડન તો ઓછું થાય. આવું થતું હશે ત્યારે કયા અજવાળા રેલાતા હશે ?